Surat Municipal Corporation
e-Magazine
Issue 35
Jan.20, 2006

## મેયરશ્રીની અધ્યક્ષતામા પ્રવાસન વર્ષ નિમિત્તે એન. આર. આઈ. સાથે પરિસંવાદ



ગુજરાત સરકારશ્રી ધ્વારા ૨૦૦૬નું વર્ષ પ્રવાસન વર્ષ તરીકે ઉજવવામાં આવી રહયું છે જેના ભાગ રૂપે શહેર બહાર સ્થાયી થયેલ સ્થાનિક રહેવાસીઓને સુરત મહાનગરપાલિકા ધ્વારા નાગરિકોને પુરી પાડવામાં આવતી પ્રાથમિક સુવિધા ઉપરાંત શહેરના બહુવિધ વિકાસ તેમજ ભાવિ પ્રકલ્પો તથા ભાવિ આયોજનોની જાણકારી આપવા તથા આ આયોજનોમાં એનઆરજી તથા એનઆરઆઈઓનો સહયોગ મેળવવા માટે સુરત મહાનગરપાલિકા તથા બિનનિવાસી ગુજરાતી તથા બિનનિવાસી ભારતીયોનો એક સ્નેહ મિલન કાર્યક્રમ મા.મેયર શ્રી ડો. કનુભાઈ માવાણીના અધ્યક્ષ સ્થાને હોટેલ હોલી ડે ઈન ખાતે તા.૧૧.૧.૨૦૦૫ના રોજ રાખવામાં આવેલ.....

વધુ માટે કલીક કરો >>>>>>

## તાપી નદી શુધ્ધીકરણનું પ્રથમ સોપાન

આદિકાળથી વસેલ સુરત શહેરનો એક માત્ર મુખ્ય જળસ્ત્રોત તાપી નદી છે. તેના પાણી મારફત સુરત શહેરને પીવાનું પાણી પુરું પાડવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી જુદા જુદા કારણોસર નદીના પાણીની ગુણવત્તામાં ફેરફાર જોવા મળેલ છે. આ માટે નદીમાં વિવિધ જગ્યાઓએથી ઠલવાતા ગંદા પાણી જવાબદાર છે. આને રોકવા/વૈકલ્પિક વ્યવસ્થા કરવા સંબંધિત ખાતાઓ/સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે અવારનવાર સંકલન મીટીંગનું આયોજન કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં કરવામાં આવે છે. જે મુજબ આજ રોજ આવી મીટીંગનું આયોજન સુરત મહાનગરપાલિકા ખાતે કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં કરવામાં આવેલ.....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાએ પર્યટન વર્ષ ૨૦૦૬ માટે કરેલ વિવિધ આયોજનો

પર્યટન વર્ષ જાહેર થએલા ૨૦૦૬માં મનપા આખું વર્ષ વિવિધ કાર્યક્રમો યોજી પર્યટન વર્ષની ઉજવણી કરશે. ૨૬મીથી પહેલી જાન્યુ. દરમિયાન પોંક ફેસ્ટીવલના આયોજન સાથે શરૂ થયેલી પર્યટન વર્ષની ઉજવણી ડિસેમ્બર સુધી ચાલશે. પર્યટન વર્ષની ઉજવણી માટે મનપાએ આખા વર્ષના વિવિધ કાર્યક્રમો અને મહોત્સવને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. ઉતરાયણના તહેવાર દરમિયાન મનપાએ પતંગ મહોત્સવનું આયોજન કર્યુ છે. ૨૨મી જાન્યુઆરીએ સાયકલ રેલી યોજવામાં આવશે......

વધુ માટે કલીક કરો >>>>>>

## ૨૦૦૫માં ૩૯૨ કરોડની જકાત આવક સાથે મનપાએ ઈતિહાસ રચ્યો

શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ દરમિયાન મનપાએ ૩૯૨.૨૦ કરોડની જકાત આવક મેળવી એક નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. પહેલી જાન્યુ. ૨૦૦૫થી ૩૧મી ડિસેમ્બર ૨૦૦૫ સુધીના એક વર્ષાન સમયગાળામાં મનપાએ ૩૯૨.૨૦ કરોડની જકાત આવક મેળવી અગાઉના વર્ષોના દરેક વિક્રમ તોડી નાખ્યા છે. જોગાનુજોગ કોઈ પણ એક માસમાં સર્વાધિક જકાત આવક મેળવવાનો વિક્રમ પણ આજ વર્ષમાં નોંધાયો છે. ૨૦૦૪ના આખા વર્ષ દરમિયાન મનપાએ ૩૪૮ કરોડની જકાત આવક થઈ હતી.....

વધુ માટે કલીક કરો >>>>>>

## મેયરશ્રીની અધ્યક્ષતામા પ્રવાસન વર્ષ નિમિત્તે એન. આર. આઈ. સાથે પરિસંવાદ

ગુજરાત સરકારશ્રી ધ્વારા ૨૦૦૬નું વર્ષ પ્રવાસન વર્ષ તરીકે ઉજવવામાં આવી રહયું છે જેના ભાગ રૂપે શહેર બહાર સ્થાયી થયેલ સ્થાનિક રહેવાસીઓને સુરત મહાનગરપાલિકા ધ્વારા નાગરિકોને પુરી પાડવામાં આવતી પ્રાથમિક સુવિધા ઉપરાંત શહેરના બહુવિધ વિકાસ તેમજ ભાવિ પ્રકલ્પો તથા ભાવિ આયોજનોની જાણકારી આપવા તથા આ આયોજનોમાં એનઆરજી તથા એનઆરઆઈઓનો સહયોગ મેળવવા માટે સુરત મહાનગરપાલિકા તથા બિનનિવાસી ગુજરાતી તથા બિનનિવાસી ભારતીયોનો એક સ્નેહ મિલન કાર્યક્રમ મા.મેયર શ્રી ડો. કનુભાઈ માવાણીના અધ્યક્ષ સ્થાને હોટેલ હોલી ડે ઈન ખાતે તા.૧૧.૧.૨૦૦૫ના રોજ રાખવામાં આવેલ. આ પ્રસંગે ડે.મેયર ડો.શ્રીમતી સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશનર શ્રી પંકજ જોષી, સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ, એનઆરજી તથા એનઆરઆઈઓ ઉપસ્થિત રહયા હતા.




આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા મા.કમિશનર શ્રી પંકજ જોષીએ જણાવ્યું હતું કે પ્રવાસન વર્ષની ઉજવણીના ભાગરૂપે આ મેળાવડાનું આયોજન થયું છે. જેથી માદરે વતનથી દૂર સ્થાયી થયેલા અને પોતાના વતન, પોતાના શહેર માટે કંઈક કરી છૂટવાની તમન્ના હોય તેવા એનઆરઆઈ તથા એનઆરજીઓને આ એક તક મળી છે. સુરત મહાનગરપાલિકા ૧૦૦૦ કરોડથી વધુ રકમનું બજેટ ધરાવે છે. અને આ બજેટનો મહત્તમ ભાગ વિકાસ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરવા પાછળ ખર્ચી રહી છે. મુખ્ય રસ્તાઓ સીમેન્ટ કોન્ક્રીટના બનાવવામાં આવી રહયા છે. ટ્રાફિકના પ્રશ્નોના ઉકેલ માટે ફલાય ઓવર્સ બ્રીજીસ, પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ માટે શાળા બિલ્ડીંગો, મનોરંજન માટે બાવ બગીચાઓ, પ્રાણી સંગ્રહાલય, લાયબ્રેરી વિગેરેની સુવિધાઓ પુરી પાડવામાં આવી છે. આ ઉપરાંત તબીબી શિક્ષણ માટે મેડીકલ કોલેજ, ઘન કચરાના નિકાલ માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની વ્યવસ્થા સાયન્ટીફીક સેન્ટ્લી લેન્ડ ફીલીંગથી નિકાલ કરવાનો સમાવેશ થયો છે. શહેરમાંથી ઉત્પન્ન થતા લીકવીડ વેસ્ટમાંથી ઉત્પન્ન થતાં ભારતનું સૌ પ્રથમ ૦.૫ મેગા વોટના બાયોગેસ બેઈઝ પાવર પ્લાન્ટ મારફત વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે. આમ સુરત મહાનગરપાલિકા બહુજન સમાજની પાયાની અગત્યની જરૂરિયાતો પુરી પાડવામાં સફળ રહી છે. વીઝન ૨૦૨૦ના સ્વપ્નો સાકાર કરવા માટે આપ સૌનો સહકાર મળી રહેશે એવી અભ્યર્થના સાથે વિનંતી કરી હતી. ત્યાર બાદ મંચ પર બિરાજેલ મહાનુભાવોનું પુષ્પોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સીટી ઈજનેર શ્રી બી. એમ. દેસાઈએ વીઝન–૨૦૨૦નું વિઝયુઅલ પ્રેઝન્ટેશન કરી આવા આયોજન અંગે સઘન માહિતી પુરી પાડી હતી. અને આ પ્લાન ધ્વારા સુરત મહાનગરપાલિકાના વિઝન અને મીશનની ઝાંખી કરાવી હતી. હાજર રહેલા તમામ એનઆરજી તથા એનઆરઆઈઓનું મંચસ્થ મહાનુભાવો ધ્વારા સાલ તથા બુકે દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.



હાજર રહેલા એનઆરજી તથા એનઆરઆઈઓના પ્રતિભાવ આપવાનુ કહેવામાં આવતા શ્રી કિશોરભાઈ ટેલરે શહેરનો ઝડપી વિકાસ સાધવા માટે એરપોર્ટ અને ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો વિકાસ કરવા જણાવ્યું હતું જેથી અહીંની એગ્રીકલ્ચરલ પ્રોડકટ યૂરોપના માર્કેટમાં સરળતાથી પહોંચી શકે. અને તે માટેઅમારા લીસેસ્ટરના શહેરના ૧૬,૦૦૦ ગુજરાતીઓનો પુરેપુરો સાથ સહકાર મળી રહેશે. આ સાથે જ તેમણે શિક્ષણ અને ઐતિહાસિક સ્થાનોના વિકાસ ઉપર ભાર મૂકયો હતો. આ ઉપરાંત શ્રી છીતુભાઈ ડાકોરીયાએ જણાવ્યુ કે વીઝન–૨૦૨૦નું પ્રેઝન્ટેશન એકસેલન્ટ છે. અને વીઝન–૨૦૨૦ સંપુર્ણપણે સાકાર બને તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી. અન્ય એનઆરઆઈઓએ એરપોર્ટ ઉભુ કરવા તમામ સહકાર આપવાની ખાત્રી આપી હતી. તથા આ સિવાય સુરત મહાનગરપાલિકાના અન્ય મોટા પ્રોજેકટોમાં પણ સહાય કરવાની ખાત્રી આપી હતી. આ પ્રસંગે એનઆરઆઈ દિલીપ શાહે સુરત મહાનગરપાલિકા દ્વારા ઉભી કરાવવામાં આવતી સુવિધાઓને પરિણામલક્ષી બનાવવા તરફ કેટલાક સૂચનો કર્યા હતા.

આ પ્રસંગે વકતવ્ય આપતા મા.મેયર શ્રી ડો. કનુભાઈ માવાણીએ સ્નેહ મિલન કાર્યક્રમમાં આવવા બદલ સૌ એનઆરઆઈઓનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે આ શહેરમાં બેકારીનો સવાલ નથી. આ શહેર એવું છે કે જે બધાને જ અપનાવે છે. જે કયાંય ના ચાલે તે સુરતમાં ચાલે અને જે સુરતમાં ન ચાલે તે કયાંય ન ચાલે તેમ જણાવી શ્રી માવાણીએ વિદેશની સવલતો વિશે જણાવી તેના આ શહેરમાં અમલીકરણ માટે સૂચનો કરવા જણાવ્યું હતું. સુરત મહાનગરપાલિકાના વિઝન–૨૦૨૦ને સંપુર્ણ રીતે પરિપૂર્ણ




કરવામાં હું હયાત અધિકારીઓની કાર્યક્ષમતાનો ખંતથી ઉપયોગ કરીશ. બલ્કે વિઝન–૨૦૨૦ને ૨૦૧૫માં જ પૂર્ણ કરવાની મારી તૈયારી છે. મારે સુરતને સિંગાપુર બનાવવું છે. આ અંગે આપ એનઆરજી તથા એનઆરઆઈઓનો સહયોગ મળી રહેશે તેવી વિનંતી કરી હતી. હું કામ કરતા અધિકારીઓ તથા કર્મચારીઓને સંપુર્ણ ફ્રીડમ આપવામાં માનું છું. હોટેલ, ઉદ્યોગ, ધંધો શરૂ કરવા માટે ઘણા બધા લાયસન્સો લેવા પડે છે અને ટેબલે ટેબલે ભટકવુ પડે છે. તેવી પરિસ્થિતિનું નિવારણ કરવા હું સુરત મહાનગરપાલિકામાં જરૂરી તમામ ફેરફારો કરવા તૈયાર છું. ઘર બેઠા ઈન્ફર્મેશન ટેકનોલોજીથી ગાઈડ લાઈન પુરી પાડી બને તેટલું પેપરવર્ક ઓછું કરીશુ. અને વિશ્વના શહેરોમાં સુરતને ઝળકાવીશું. અત્યાર સુધી સુરત મહાનગરપાલિકામાં પુરાંત રહેતી હતી. હું નાણાંનો પુરેપુરો ઉપયોગ તેમજ રોટેશન કરી તેમજ રીસાયકલીંગ કરી શહેરના વિકાસને તેજ ગતિએ આગળ વધારવા માંગું છુ એમ જણાવી એનઆરઆઈ તથા તમામ એનઆરથજીઓને સુરતના ભાવિ વિકાસમાં પૂરતો સાથ સહકાર આપવા જણાવ્યુ હતુ અને બાળપણમાં આપણે જયારે ભણતા હતા ત્યારે નિબંધ લખતા કે "જો હું વડાપ્રધાન હોવ તો" તે જ રીતે આજે " જો હું મેયર હોઉ તો " એમ વિચારી શહેરના વિકાસ માટેના તમારા અગત્યના સૂચનો હું આવકારીશ તેમ જણાવી તેમણે વકતવ્ય પૂર્ણ કર્યુ હતું.

અંતમાં ડે.મેયર શ્રીમતી ડો. સુષ્માબેન અગ્રવાલે હાજર રહેલ સૌનો આભાર માન્યો હતો.





TOP

## તાપી નદી શુધ્ધીકરણનું પ્રથમ સોપાન

આદિકાળથી વસેલ સુરત શહેરનો એક માત્ર મુખ્ય જળસ્ત્રોત તાપી નદી છે. તેના પાણી મારફત સુરત શહેરને પીવાનું પાણી પુરું પાડવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી જુદા જુદા કારણોસર નદીના પાણીની ગુણવત્તામાં ફેરફાર જોવા મળેલ છે. આ માટે નદીમાં વિવિધ જગ્યાઓએથી ઠલવાતા ગંદા પાણી જવાબદાર છે. આને રોકવા/વૈકલ્પિક વ્યવસ્થા કરવા સંબંધિત ખાતાઓ/સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે અવારનવાર સંકલન મીટીંગનું આયોજન કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં કરવામાં આવે છે. જે મુજબ આજ રોજ આવી મીટીંગનું આયોજન સુરત મહાનગરપાલિકા ખાતે કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં કરવામાં આવેલ.

મીટીંગમાં હાજર રહેલા અધિકારીઓ/પ્રતિનિધિઓ સમક્ષ કમિશ્નરશ્રીએ ઉપરવાસમાંથી ઠલવાતા ગંદાપાણીના આઉટલેટને બંધ કરવા/કરાવવા અન્યત્ર વાળવા માટે સંબંધિતોને તાકીદ કરવામાં આવી. મીટીંગમાં ગુ. વિ. બોર્ડના પ્રતિનિધિ તરફથી ફલાય એશ છોડવા બાબત પુરો કન્ટ્રોલ કરવા અને નવી ડાઈકસ સમયસર બનાવી કાર્યરત કરવા જણાવવામાં આવ્યું. વધુમાં, જે. કે. પેપર મીલના પ્રતિનિધિને પણ તેઓના ડીસ્ચાર્જને કન્ટ્રોલ કરવા જણાવવામાં આવ્યું. ગુજરાત પોલયુશન કન્ટ્રોલ બોર્ડને આઉટલેટના ડીસ્ચાર્જ પર નિયંત્રણ મુકવા કમિશ્નરશ્રીએ તાકીદ કરી.

થયેલ કામગીરીઓનો રીવ્યુ કરી, તેને આધારે સ્ટેક હોલ્ડરો સાથે કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં સંકલન મીટીંગનું ફરીથી આયોજન કરવામાં આવશે. ઉપરોકત કામગીરીઓ કરવા બાબતે હાજર રહેલ દરેકે નદીને પ્રદુષણમુકત બનાવવા સહકાર આપવાની સંમતિ આપેલ છે.

મીટીંગમાં સુડા, જીલ્લા વિકાસ કચેરી, પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ, ગુ. વિ. બોર્ડ–ઉકાઈ તથા ઉત્રાણ, કાકરાપાર એટમિક પવાર પ્રોજેકટસ, જે. કે. પેપરમીલ વિગેરેના પ્રતિનિધિઓ સાથે સુરત મહાનગરપાલિકાના સીટી ઈજનેરશ્રી, ડે. કમિશ્નરશ્રી ( પ. અને ઈ.), ડ્રેનેજ ઈજનેરશ્રી, હાઈડ્રોલિક ઈજનેરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી, (હે. વો. વ.), પૂર્વ ઝોન અને પશ્ચિમ ઝોનના કાર્યપાલક ઈજનેરો, હેલ્થ ઓફિસર વિગેરે હાજર રહેલ હતા.

TOP

## સુરત મહાનગરપાલિકાએ પર્યટન વર્ષ ૨૦૦૬ માટે કરેલ વિવિધ આયોજનો

પર્યટન વર્ષ જાહેર થએલા ૨૦૦૬માં મનપા આખું વર્ષ વિવિધ કાર્યક્રમો યોજી પર્યટન વર્ષની ઉજવણી કરશે. ૨૬મીથી પહેલી જાન્યુ. દરમિયાન પોંક ફેસ્ટીવલના આયોજન સાથે શરૂ થયેલી પર્યટન વર્ષની ઉજવણી ડિસેમ્બર સુધી ચાલશે.

પર્યટન વર્ષની ઉજવણી માટે મનપાએ આખા વર્ષના વિવિધ કાર્યક્રમો અને મહોત્સવને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. ઉતરાયણના તહેવાર દરમિયાન મનપાએ પતંગ મહોત્સવનું આયોજન કર્યું છે. ૨૨મી જાન્યુઆરીએ સાયકલ રેલી યોજવામાં આવશે.

૧૨મી ફેબ્રુઆરીએ મેરેથોન દોડ યોજાશે. ૧૮ થી ૬૦ વર્ષના વયજુથ માટે ૧૨ થી ૧૬ કિ. મી.ની મેરેથોન દોડ યોજવામાં આવશે. ૯ થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન વનીતા વિશ્રામ મેદાન પર રાષ્ટ્રીય પુસ્તક મેળો યોજાશે.

પહેલી માર્ચના રોજ શહેરમાં  હેરીટેજ વોકનું આયોજન કરવામાં આવ્યું છે. કતારગામથી આમલીરાન સુધી હેરીટેજ વોક યોજાશે. ૮મી માર્ચે વિયર જળાશયમાં વોટર સ્પોર્ટસ યોજાશે. વોટર સ્પોર્ટસ દરમિયાન વીન્ડ સરફીંગ, વોટર સ્કૂટર્સ, પેડલ બોટીંગની માંગ માણી શકાશે. ૧૯મી માર્ચે ઈન્ડોર સ્ટેડીયમમાં ફોક ડાન્સનું આયોજન કરવામાં આવ્યું છે. પહેલી મે રાજયના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવશે.

ત્રીજી જુલાઈનો દિવસ તાપી નદીના જન્મદિન તરીકે ઉજવાશે. ૨૩ સપ્ટેમ્બરથી ૧ ઓકટોબર સુધી નવરાત્રી ઉત્સવની ઉજવણીરૂપે ફૂડ ફેસ્ટીવલ અને કલ્ચરલ પ્રોગ્રામ યોજવામાં આવશે. ડિસેમ્બર મહિનો પોંક ફેસ્ટીવલ તરીકે ઉજવાશે.

TOP

## ૨૦૦૫માં ૩૯૨ કરોડની જકાત આવક સાથે મનપાએ ઈતિહાસ રચ્યો

શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ દરમિયાન મનપાએ ૩૯૨.૨૦ કરોડની જકાત આવક મેળવી એક નવો વિક્રમ સ્થાપિત કર્યો છે.

પહેલી જાન્યુ. ૨૦૦૫થી ૩૧મી ડિસેમ્બર ૨૦૦૫ સુધીના એક વર્ષાન સમયગાળામાં મનપાએ ૩૯૨.૨૦ કરોડની જકાત આવક મેળવી અગાઉના વર્ષોના દરેક વિક્રમ તોડી નાખ્યા છે. જોગાનુજોગ કોઈ પણ એક માસમાં સર્વાધિક જકાત આવક મેળવવાનો વિક્રમ પણ આજ વર્ષમાં નોંધાયો છે. ૨૦૦૪ના આખા વર્ષ દરમિયાન મનપાએ ૩૪૮ કરોડની જકાત આવક થઈ હતી. જયારે ૨૦૦૩ના આખા વર્ષ દરમિયાન મનપાને ૨૮૮ કરોડની આવક મળી હતી. મનપાની જકાત આવક વૃધ્ધિનો ૧૫ થી ૧૬ ટકાનો ગ્રોથ રેટ સમગ્ર રાજયમાં પ્રથમ કદી શકાય. ૨૦૦૫ના એક વર્ષમાં મનપાની જકાત સ્કવોર્ડે ૧૫૦૦થી વધુ કેસો કરી ૨.૩૦ કરોડ રૂા. પેનલ્ટી વસુલી હતી. છેલ્લા બે–અઢી વર્ષની સઘન ઝુંબેશને પગલે શહેરના જકાતચોરીની સિન્ડિકેટને કમરતોડ ફટકો પડયો છે.

ઓગષ્ટ ૨૦૦૫માં મનપાએ ૩૪.૩૧ કરોડની જકાત આવક મેળવી હતી જે ત્યાર સુધીમાં કોઈ પણ મહિને થયેલી સર્વાધિક આવક હતી. સપ્ટેમ્બર ૨૦૦૫માં ૩૪.૪૧ કરોડની આવક સાથે પાછલા મહિનાનો વિક્રમ તૂટયો હતો. ઓકટોબર ૨૦૦૫માં ૩૯.૦૧ કરોડની માસીક આવક સાથે જકાત વિભાગે નવી ઉંચાઈ હાંસિલ કરી હતી. મનપાના ઈતિહાસમાં કોઈ મહિને ૩૯ કરોડ જેવી માતબર આવક થઈ નથી. નાણાંકીય વર્ષ ૨૦૦૫–૦૬ દરમિયાન ૩૮૦ કરોડનો જકાત લક્ષ્યાંક સરળતાથી હાંસિલ થઈ શકે એવા સંજોગો છે. ત્યારે સ્થાયી સમિતિ રિવાઈઝ બજેટમાં નવો લક્ષ્યાંક ૪૦૦ કરોડનો મૂકે એ નિશ્રિત છે.

સને–૨૦૦૫ના વર્ષમાં સુરત મહાનગરપાલિકાની મહિનાવાર જકાત અવાક

| | | | | | |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | 32.28 કરોડ | મે | 31.78 કરોડ | સપ્ટેમ્બર | 34.41 કરોડ |
| ફેબ્રુઆરી | 28.98 કરોડ | જૂન | 29.89 કરોડ | ઓકટોબર | 39.01 કરોડ |
| માર્ચ | 29.86 કરોડ | જુલાઈ | 33.50 કરોડ | નવેમ્બર | 28.44 કરોડ |
| એપ્રિલ | 33.25 કરોડ | ઓગષ્ટ | 34.31 કરોડ | ડિસેમ્બર | 36.43 કરોડ |
| કુલ :— 392.20 કરોડ | | | | | |

TOP